જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૨૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૪૯ | ૧૩ | ૧૦૬૬૨ | ૧૬૭૭૩ | ૧૭ | ૧૬૭૯૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૪ | ૦ | ૪૩૪૪ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૭૯૮ | ૨૧ | ૧૪૮૧૯ | ૧૫૫૭૯ | ૨૨ | ૧૫૬૦૧ |
| | કુલ | ૨૯૮૩૯ | ૩૪ | ૨૯૮૭૩ | ૩૮૪૨૯ | ૩૯ | ૩૮૪૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૧૩,૯૮,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૬૪ | ૧૬,૬૪,000/- |

# ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ મુજબના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વેજલપુર પોલીસ સ્ટેશનઃ-

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, તથા સેકટર-૧ સંયુકત પોલીસ કમીશ્નર શ્રી આર.વી.અસારી સાહેબ, તથા નાયબ પોલીસ કમીશ્નર "ઝોન-૭" શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ, તથા મદદનીશ પોલીસ કમીશ્નર "એમ ડિવીઝન" શ્રી વી.જી.પટેલ સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ.ડી.ઓડેદરા વેજલપુર પો.સ્ટે. દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશન, સરખેજ પોલીસ સ્ટેશન તેમજ અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિશેષ ગેંગ બનાવી એકબીજાની મદદગારીથી ગરીબ મધ્યમ વર્ગના લોકોની મિલકત બળજબરીથી પડાવી લેવી (એકર્સ્ટોશન), સરકારી જમીન પચાવી પાડવી, ખુનની કોશીષ, ધાડ, ફાયર આર્મ્સ ધારણ કરવુ, પ્રોટકશન માટે નાણા વસુલવા, તેમજ દારુ જુગાર અને પશુ અત્યાચાર તેમજ ઘાતકીપણા, તથા નાણાકીય લાભ મેળવવા માટે સરકારી વીજચોરીના સંખ્યા બંધ ગુન્હાઓ આચરતી સંગઠીત ટોળકી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ તેમજ પુરાવા આધારે મે પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ની મંજુરી મેળવી પો.ઈન્સએ સરકાર તરફે ફરીયાદી બની વેજલપુર પો સ્ટે પાર્ટ-બી-11191028201766/2020 ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (G.C.T.O.A) એકટ ૨૦૧૫ ની કલમ-3(૧)ની પેટા (૧) તથા કલમ-3(૧) ની પેટા (૨) તથા કલમ-3(૨) તથા કલમ-3(3) તથા કલમ-3(૪) તથા કલમ-3(૫) મુજબનો ગુન્હો તારીખ-૦૮/૧૦/૨૦૨૦ ના રોજ આરોપીઓ (૧) સુલતાનખાન મજીદખાન ઉર્ફે મસદખાન પઠાણ તથા (૨) અમીરખાન ઉર્ફે મામા સ/ઓફ વજીદખાન પઠાણ તથા (3) જમીરખાન ઉર્ફે મામા સ/ઓફ વજીરખાન પઠાણ તથા (૪) નજીરખાન ઉર્ફે મામા સ/ઓફ વજીરખાન પઠાણ તથા (૫) બકસૈયદ ઉર્ફે બકુખાન સ/ઓફ યાસીનખાન પઠાણ તથા (૬) વસીમ ઉર્ફે બાપુ સા/ઓ અલીહુસેન લીયાકતઅલી કુરેશી તથા (૭) મોહમંદનદીમ સ/ઓ રફીકુરરહેમાન દહેલવી તથા (૮) મોહમંદજાવેદ ઉર્ફે જાડીયો સ/ઓ રફીકુરરહેમાન દહેલવી તથા (૯) ઇરફાન હુસેન સ/ઓફ કુત્બુદીન શેખ તથા (૧૦) સલીમખાન ઉર્ફે મોહસીન સ/ઓફ ગુલઝારખાન પઠાણ તથા (૧૧) મોહમદજુનેદ ઉર્ફે ટુકડી સ/ઓ અબ્દુલ લતીફ શેખ નાઓ વિરુધ્ધ રજીસ્ટર કરી ના.પો.કમી.સાહેબ શ્રીના હુકમ મુજબ વધુ તપાસ મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી વી.જી.પટેલ સાહેબ નાઓને સોપવામાં આવેલ છે.

ફરીયાદમાં જણાવેલ અગીયાર આરોપીઓ પૈકી પાંચ આરોપીઓને મોડી રાત્રીના ગુન્હાના કામે અટક કરવામાં આવેલ છે

<u>**પકડાયેલ આરોપીઓના નામ સરનામા:-**</u>

(૧) વસીમ ઉર્ફે બાપુ સા/ઓ અલીહુસેન લીયાકતઅલી કુરેશી, ઉવ-૩૮ ,રહે મકાન નં-૫૦૨ અમ્માર રેસીડન્સી, મસ્તાના મસ્જીદ પાસે ,ફતેવાડી, અમદાવાદ શહેર.

(૨) મોહમંદનદીમ સા/ઓ રફીકુરરહેમાન દહેલવી, ઉવ-૩૮, રહે-મકાન નં-૧૦/બી ઝુનતુન નઈમ રો હાઉસ,મદની મસ્જીદ પાસે, ફતેવાડી, અમદાવાદ શહેર.

(૩) મોહમંદજાવેદ ઉર્ફે જાડીયો સા/ઓ રફીકુરરહેમાન દહેલવી, ઉવ-૩૮ ,રહે મકાન નં-૫/બી ઝુનતુન નઈમ રો હાઉસ ,ઘાંચી હોલની પાછળ, ફતેવાડી, અમદાવાદ શહેર.

(૪) સલીમખાન ઉર્ફે મોહસીન સા/ઓ ગુલજારખાન પઠાણ, ઉવ-૨૫, રહે મકાન નં-જી/૧૬૩ સંકલીતનગર, અમદાવાદ શહેર.

(૫) મોહમદજુનેદ ઉર્ફે ટુકડી સા/ઓ અબ્દુલ લતીફ શેખ, ઉવ-૩૬ રહે મકાન નં-૧૫૭૧ મોટી બલુચાવાડ, માઈકા ઓટલાની સામે, દરિયાપુર, અમદાવાદ શહેર.

તમામ આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ (૧) સુલતાનખાન મજીદખાન ઉર્ફે મસદખાન પઠાણ નાનો પાસા હેઠળ ભુજ જેલ ખાતે (૨) અમીરખાન ઉર્ફે મામા સ/ઓફ વજીદખાન પઠાણ તથા (૩) ઇરફાન હુસેન સ/ઓફ કુત્બુદીન શેખ નાઓ બંને હાલ પાસા હેઠળ સુરત લાજપોર જેલ ખાતે હોય તે તમામને તપાસનીશ અધિકારી શ્રી વી.જી.પટેલ “એમ ડિવીઝન” અમદાવાદ શહેર દ્વારા ઉપરોકત આરોપીઓને જેલમાંથી કબ્જો મેળવી ગુન્હાના કામે અટક કરવા ઉપર બાકી છે અને પકડાયેલ આરોપીઓની ઘનીષ્ઠ પુછપરછ કરી સદર સંગઠીત ટોળકી દ્વારા આચારવામાં આવેલ ગુન્હાઓને ધ્યાનમાં રાખી ઉંડાણ પુર્વક તપાસ હાથ ધરી સખત કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## ગુજરાત રાજ્યના અમદાવાદ શહેર, અરવલ્લી જીલ્લો તથા રાજસ્થાન રાજયના બાસવાડા, અનંતપુરી તથા ઉદેપુર જેવા શહેરોમાંથી ટુવ્હીલરની ચોરીઓ કરતી ટોળકીના એક ઈસમને પકડી લઈ તેની પાસેથી કુલ - ૧૯ મોટરસાયકલ કબ્જે કરી કુલ- ૧૮ વાહન ચોરીઓના ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સ્કોડના અધિકારી શ્રી તથા માણસોને સુચના કરેલ.

જે આધારે પો.સ.ઈ. શ્રી જે.ડી. બારોટ તથા સાથેના કર્મચારીઓ ગઈ તા.૦૮/૧૦/૨૦૨૦ સાંજના સમયે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ASI વિષ્ણુભાઈ તથા અ.હે.કો. રાજેન્દ્રસિંહનાઓને સંયુક્ત બાતમી હકિક્ત મળેલ કે “ચોરી કરેલ નંબર વગરનુ વાદળી કલરનુ ટીવીએસ અપાચી મો.સા. ઉપર અખબાર નગર સર્કલ તરફથી આવી ભીમજીપુરા સર્કલ થઈ જુનાવાડજ સર્કલ તરફ જવાનો છે. તે ઈસમ વાહનોની ચોરીઓ કરવાની ટેવવાળો છે.”

જે બાતમી હકીકત આધારે માણસો વોચમાં હતા દરમ્યાન બાતમીમાં જણાવ્યા મુજબનો ઈસમ તેના કબ્જાનુ ટી.વી.એસ. અપાચી મોટર સાઈકલ સાથે મળી આવતા જેનુ નામ ઠામ પુછતા કરણસિંગ સ/ઓ નટવરસિંગ કુરીયાજી ચૌહાણ ઉ.વ. ૨૧ રહે. ગામ વખતપુરા, તા.ગડી થાના ગડી જી. બાંસવાડા રાજસ્થાનનુ હોવાનુ જણાવેલ અને મળી આવેલ મોટરસાઈકલ બાબતે તેની પાસે કોઈ આર.સી.બુક કે આધાર પુરાવા ન હોય ઉપરોક્ત મોટર સાઈકલ કિ.રૂ.૩૦,૦૦૦/- નુ ગણી કબજે કરવામાં આવેલ છે, આ આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ ૪૧ (૧)ડી મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ ઈસમની વધુ પુછપરછ કરતા આ મો.સા. તેણે તથા તેના અન્ય મિત્રો (૧) કિશન સુખલાલ ડોડીયાર રહે. ગામ પ્રતાપપુર તા.ગડી જી. બાંસવાડા રાજસ્થાન તથા (૨) રાજેન્દ્રસિંગ સિસોદીયા રહે. ગામ વખતપુરા તા. ગડી જી. બાંસવાડા રાજસ્થાનનાઓએ સાથે મળી આજથી આશરે દોઢેક મહીના પહેલા નારોલ વિશાલા રોડ ઉપર આવેલ કોઝી હોટેલની બાજુમા કોમલ કંપનીના બહારથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે જે સબંધે અમદાવાદ શહેર નારોલ પો.સ્ટે. ખાતે પાર્ટ એ ગુ.ર.નં.૦૭૮૬/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ છે.

આ સિવાય આ કામના આરોપીની વધુ પુછપરછ કરતા તેણે તથા તેના ઉપર જણાવેલ મિત્રોએ મળી અમદાવાદ શહેર તથા અરવલ્લી જીલ્લા તથા રાજસ્થાન રાજયના જુદા જુદા શહેરોમાંથી અલગ અલગ કુલ -૧૮ મોટરસાઈકલોની ચોરી કરેલ હોય જે મોટરસાઈકલો પણ આરોપી પાસેથી કબજે કરવામા આવેલ છે.

જે મળી આવેલ મોટર સાયકલો સબંધે નીચે મુજબના ગુન્હા ડીટેકટ થવા પામેલ છે.

(૧) કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૫૯/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯

(૨) વાડજ પો.સ્ટે. પાર્ટ – એ ગુ.ર.નં. ૧૪૨૮/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૩) વાડજ પો.સ્ટે. પાર્ટ – એ ગુ.ર.નં. ૦૧૪૪/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૪) વાડજ પો.સ્ટે. પાર્ટ – એ ગુ.ર.નં. ૦૯૧૦/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૫) ગા'હવેલી પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૦૬૫૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૬) ગુજ.યુનિ. પો.સ્ટે. પાર્ટ-એ.ગુ.ર.નં. ૧૦૪૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૭) સોલા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૯૨૨/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૮) ધનસુરા પો.સ્ટે. પાર્ટ - એ ગુ.ર.નં.૦૮૯૬/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૯) ધનસુરા પો.સ્ટે. પાર્ટ – એ ગુ.ર.નં.૦૮૯૭/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૧૦) બાસવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૨૯૬/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૧૧) બાસવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૩૧૯/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૧૨) અનંતપુરી પો.સ્ટે. ગુ.ર.નં. ૦૨૩૯/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૧૩) આજથી આશરે એકાદ વર્ષ પહેલા નારોલ સર્કલ નજીકથી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એક યામાહા કંપનીનુ કાળા તથા લીલા કલરનુ R-15 નુ મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૪) આજથી આશરે એકાદ વર્ષ પહેલા સોલા વિસ્તારમાંથી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એક હિરો હોન્ડા કંપનીનુ પેશન પ્રો મોડલનુ મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૫)આજથી આશરે દોઢેક વર્ષ પહેલા રાજસ્થાનના ઉદેપુર વિસ્તારમાંથી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એક હિરો હોન્ડા કંપનીનુ સ્પ્લેન્ડર મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૬) આજથી આશરે એકાદ વર્ષ પહેલા ઉસ્માનપુરા રેલ્વે ક્રોસિંગ નજીકથી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એક યામાહા કંપનીનુ CRUX YURO મોડલનુ મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૭) આજથી આશરે દોઢેક વર્ષ પહેલા વસ્ત્રાપુર વિસ્તારમાંથી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એક ટીવીએસ કંપનીનુ વાદળી કલરનુ વિક્ટર મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૮) આજથી આશરે એક માસ અગાઉ પ્રતાપપુર ગામ તા.ગડી બાંસવાડા થી પોતે તથા પોતાના મિત્રો કિશન સુખલાલ ડોડીયાર તથા રાજેન્દ્રસિંગ સિસોદીયાનાઓએ એકબજાજ પ્લેટીના બ્લ્યુ કલરનુ ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

## ગુનાની એમ.ઓ.

પકડાયેલ ઈસમ તથા તેના મિત્રો અમદાવાદ શહેરથી સારી રીતે પરીચીત હોય અને જેઓ પોતાના અંગત વપરાશ સારૂ ટુ વ્હિલરની ચોરીઓ કરતા હતા અને ચોરી કર્યા બાદ વાહનોના નંબરો કાઢી નાખી તેને અલગ અલગ જગ્યાઓએ મુકી દેતા હતા જેથી અને જરૂર પડેથી આ વાહનોનો ઉપયોગ કરતા હતા.



## સરખેજ પોલીસ સ્ટેશનઃ-

## લોખંડના દરવાજા ચોરીના આરોપીઓને લોડીંગ રીક્ષા તથા ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમસુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ અમો સરખેજ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા એ.એસ.આઇ.ધર્મેન્દ્રસિહ વિક્રમસિહ બ.નં-૭૫૭૦ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ.દેવેન્દ્રસિંહ બબલસિંહ બ.નં.૮૬૨૬તથા અ.પો.કોન્સ.રણજીતસિંહ સોનીંગભાઇ બ.નં.૧૦૨૮૪ તથા અ.પો.કોન્સ.હરીસંગ સુરતસંગ બ.નં.૧૦૦૮૨ તથા અનાર્મ લોકરક્ષક ભરતભાઇ કુલાભાઇ બ.નં.૧૪૦૧ તથાબીજા સ્ટાફના માણસો સાથે મીલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ગુન્હા શોધવા સબબ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૨૦/૫૦ વાગે સાથેનાએ.એસ.આઇ.ધર્મેન્દ્રસિહ વિક્રમસિહ તથા અ.પો.કોન્સ.રણજીતસિંહ સોનીંગભાઇનાઓનીસંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારેસરખેજ સાર્વજનીક સ્કુલ સામે આઇ.ટી.આઇ.તરફ તથા ધોળકા તરફ જવાના ચાર રસ્તા ખાતે ચોરી કરેલલોખંડના દરવાજા નંગ-૫ તથા લોડીંગ રીક્ષા સાથે આરોપીને તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડીસરખેજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૬૦૦/૨૦ (ફ.ગુર.નં.૧૨૦/૨૦૨૦) ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે આરોપીને પકડી અટક કરી ઉપરોક્ત અન ડીટેકટ ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧) ગુનાના કામે ચોરીમાં ગયેલલોખંડના દરવાજા નંગ-૫ કુલ્લે કિં.રૂ.૩૫,૦૦૦/- મતા

(૨) લોડીંગ રીક્ષાનં-GJ-27-T-8908 ની કિં.રૂ.૫૦,૦૦૦/- મતા મળી કુલ્લે
કિં.રૂ.૮૫,૦૦૦/-મતાના મુદામાલ

**પકડાયેલ આરોપી:-**

નઇમ સ/ઓ સલીમભાઇ મણીયાર ઉ.વ.૨૧ રહે,મ.નં.૩,માશા અલ્લાહ ડુપ્લેક્ષ અહદ સ્પોટ કલબથી આગળ સવેરા હોટલની સામે ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર





# શરીર સબંધી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રીવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશનઃ-

## શરીર સબંધી ગુનો શોધી કાઢતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ

રિવરફ્રંટ વેસ્ટ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૯૨૦૦૨૪૩/૨૦૨૦ IPC કલમ૩૦૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીશ્રી અર્નામ મ.સ.ઈ.જગદીશ આત્મારામ બ.નં.૭૮૫૫ નોકરી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની શ્રી સ.ત.ફરીયાદના કામે ગઈ તા.૦૬/૧૦/૨૦૨૦ ના રોજ ક.૧૩/૪૧ વાગ્યાની આસપાસ સરદારબ્રીજ પાસેથી આ કામના ઈજા પામનાર બિનવારસી હાલતમાં ગળાના ભાગે ગંભીર ઈજા સાથે બેભાન હાલતમાં મળી આવતા ૧૦૮ મારફતે ક.૧૪/૩૪ વાગ્યાના સુમારે સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરેલ સદરી ઈજાપામનરને કોઈ અજાણ્યા ઈસમે કોઈ પણ કારણસર ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી ગંભીર ઈજા પહોચાડી મોત નિપજાવવાની કોશીસ કરી ગુન્હો નાસી ગયેલ હોય સદરી અજાણ્યા ઈસમ આરોપી બાબતે નાયબ પોલીસ કમિશ્નર શ્રીઝોન-૧ સાહેબ નાઓના સુપરવિઝન તથા મ.પો.કમિશ્નર શ્રી બી" ડિવિઝન સાહેબ નાઓના માર્ગદર્શન તેમજ ઇ.પોલીસ ઇન્સ. વી.એમ.દેસાઇ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન નાઓની સુચના મુજબ હેડ.કો. ધર્મેશકુમાર અરૂણભાઇ બ.ન. ૩૯૬૩ તથા હેડ.કો. મહેન્દ્રસિંહ માધવસિંહ બ.ન. ૬૮૩૪ તથા પો.કો. ભરતસિંહ મનુજી બ.ન. ૬૦૧૭ નાઓએ ગુનાવાળી જગ્યાની આજુબાજુના રાહદારી ઓની અજાણ્યા આરોપીના પહેરવેશ તેમજ વર્ણન બાબતે પુછપરછ કરી અજાણ્યા આરોપીના બાતવેલ વર્ણન આધારે તે જ દિવસે આરોપીને શોધી કાઢી આરોપી અવનર ગુલામહુસેન શેખ ઉ.વ.૩૪ રહે. હાલ એલીસબ્રિજ સ્માશન ગુહ રોડ પારસબાગ સોસાયટીની સામે ફુટપાથ ઉપર મુળ રહે. અપનાનગર, અલમદીના મસ્જીદ પાસે, જુહાપુરા અમદાવાદ શહેર મુળ ગામ હડીયલપુર સાપડીયા, અશરફનગર કસ્બા મુ.તા. હિમ્મતનગર જી.સાબરકાંઠા નાને તા.૦૭/૧૦/૨૦૨૦ ના ક.૧૨/૪૦ વાગે અટક કરી મુદ્દત અંદર નામદાર કોર્ટમાં રજુ કરતા સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે જેથી ઉપરોકત ગંભીર પ્રકારનો અનડીટેકટ ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૪૭૦ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ ૧ મોટર સાયકલ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૮/૨૦૨૦**

**રામોલઃ** ઉર્મીલાબહેન વા/ઓ કાંતીભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે.ત્રિવેણી પાર્ક સોસાયટી મહાદેવનગર વસ્ત્રાલ રોડ) એ તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા બે વર્ષથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ રોડ મહાદેવનગર ટેકરા શ્રીજી જ્વેલર્સ નામની દુકાન ખાતેથી આરોપી (૧) જીગરભાઇ રસીકભાઇ સોની અને (૨) રસીકભાઇ ઉજમસીભાઇ સોની (બન્ને રહે.કૈલાસધામ સોસાયટી મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ ભેગા મળી ઉર્મીલાબહેનને વિશ્વાસમાં લઇ ઉર્મીલાબહેન પાસેથી જુના દાગીના ઓગાળી નવા બનાવવા ટુકડે ટુકડે રોકડ રૂપિયા ૪૯,૧૦,૦૦૦/-, તેમજ ૧૦ તોલાની લગડીની સ્કીમ પેટે ૧૨ હપ્તાના રૂપિયા ૨,૧૭,૪૪૦/- મળી કુલ રૂપિયા ૫૧,૨૭,૪૪૦/- મેળવી લઈ પાછા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**કાલુપુરઃ** અશોકકુમાર શંકરલાલ રાંકા (ઉ.વ.૪૮) (રહે. સાર્થક બંગ્લોઝ માધવ ગાર્ડનની બાજુમાં નરોડા) એ તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કાલુપુર રેવડીબજાર સુગ્નોમલ માર્કેટમા પહેલા માળે આવેલ “કલ્પ સીન્થેટીક” નામની દુકાન નંબર-૧૫૯ ખાતેથી આરોપી (૧) અભયકુમારસિંહ (૨) સારિકાસિંહ વા/ઓ અભયકુમારસિંહ રહે. રેલવે વિહાર એપાર્ટમેન્ટ ઇન્દ્રાપુરમ ગાજીયાબાદ ઉત્તરપ્રદેશ) એ ભેગા મળી અશોકકુમાર પાસેથી જીન્સ કાપડનો જુદી-જુદી ક્વૉલીટીનો માલ અન્ય બે આરોપી (૩) સુનીલ જૈન અને (૪) સૌરભ સુનીલ જૈન (રહે. જે.બી.ઓસ્વાલ દુકાન નંબર.૫૬૩૩/૭૭ રેગરપુરા કરોલબાગ દિલ્હી) નાઓને માલ અપાવી, તે પેટે ચુકવવાના થતા રૂપિયા શરૂઆતમાં સમયસર ચુકવી આપી અશોકકુમારને વિશ્વાસમાં લઇ, તા.૧૬/૦૧/૨૦૧૯ થી તા.૨૨/૦૭/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન અશોકકુમાર પાસેથી સુનીલ જૈન અને સૌરભ જૈન નાઓએ જીન્સ કાપડનો માલ કિંમત રૂપિયા ૫૯,૪૬,૮૦૨/- ખરીદ કરી તે પેટે નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૨૯/૨૦૨૦**

**વાડજઃ** હિતેશભાઇ અશોકકુમાર હેમનાણી (રહે. સોહરાબજી કમ્પાઉન્ડ ઉધ્ધવનગર જુના વાડજ) એ તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૦ કલાક ૨/૦૦ થી સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી બે મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ચૌધરી ચલાવે છે.

**વેજલપુરઃ** ઇદ્રીશભાઇ હાજીહુસેનભાઇ લાખાણી (રહે. અનવરપાર્ક હરીયાલી સોસાયટી પાસે જુહાપુરા) એ તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૧૦/૨૦૨૦ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાની વીટી નંગ-૨ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની કાનની રીંગ નંગ-૨ કિમત રૂપિયા ૭,૦૦૦/-, સોનાની નાકની નથણી નંગ-૧ કિમત રૂપિયા ૨,૦૦૦/-, ચાંદીની પાયલ જોડ નંગ-૧ કિમત રૂપિયા ૩,૦૦૦/-, ચાંદીની બંગડીઓ નંગ-૪ કિમત રૂપિયા ૪,૦૦૦/-, પરચુરણ વસ્તુ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૦/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટઃ** નવિન કાંતીભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે.માતાજી મહારાજની ચાલી ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૦ કલાક ૬/૫૫ વાગ્યા પહેલા સાબરમતી નદીનાં પુર્વ કિનારે વાસણા બેરેજ પાસે રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૩ નજીક સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મરામ ચલાવે છે.

**સાબરમતીઃ** શોભાબા ધરમેન્દ્રસિંહ પરમાર (ઉ.વ.૨૯) (રહે. અર્જુનવીલા એપાર્ટમેન્ટ ક્રિષ્ણા બંગ્લોઝ પાછળ આનંદ પાર્ટી પ્લોટની પાછળ ન્યુ રાણીપ સાબરમતી) એ સંતાન પ્રાપ્તી માટે સારવાર કરાવવા છતા સંતાન પ્રાપ્ત ન થતા મનમાં લાગી આવતા તા.૦૮/૧૦/૨૦૨૦ કલાક ૧૨/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી